દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શુક્રવાર ૨૧ ઓગસ્ટ, ૨૦૨૬


# ઈંધણ માટે ઈથેનોલનો વધતો વપરાશ ખેતી અને ખાદ્ય સુરક્ષા પર પણ અસર કરી શકે છે

ઈ20 પેટ્રોલ અંગેની સતત ચાલતી ચર્ચા અને જૂના વાહનોના માલિકોના વિરોધ વચ્ચે એક નવી ચર્ચા પણ શરૂ થઇ રહી છે અને તે સરકારની ઇથેનોલ નીતિની ખેતી પર સંભવિત અસરો અંગેની ચર્ચા. પેટ્રોલમાં ઇથેનોલ ભેળવવાથી વાહનોના એન્જિનોને થતા નુકસાન અને ઘટતા માઇલેજ અંગેની ચર્ચાઓ તો હતી જ ત્યાં આ ચર્ચા પણ હવે શરૂ થઇ છે અને ખરેખર તો તે વ્યાપક જનસમૂહને અસર કરતી અને વધુ મહત્વની બાબત છે. સરકારના મુખ્ય આર્થિક સલાહકાર વી. અનંત નાગેશ્વરને જૂના ટુ-વ્હીલર્સ માટે ફરીથી E10 પેટ્રોલ લાવવાનું સૂચન કર્યું છે અને સૌથી મહત્વનું એ છે કે, ઇથેનોલ બ્લેન્ડિંગને 20% થી આગળ વધારતા પહેલા ભારતને 'ખોરાક વિરુદ્ધ બળતણ'ના નુકસાન-લાભના સમીકરણની તપાસ કરવાનો આગ્રહ રાખ્યો છે.

સોમવારે એક અગ્રણી અંગ્રેજી અખબારમાં પ્રકાશિત એક કોલમમાં, નાગેશ્વરન અને ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિક અફેર્સના કન્સલ્ટન્ટ આકાશ પૂજારીએ દલીલ કરી છે કે, ભારત સામે અત્યારે સવાલ માત્ર એ નથી કે જૂના વાહનોમાં E20 કામ કરે છે કે નહીં. સવાલ એ પણ છે કે ભારતે શું ઉગાડવું પડશે, કેટલી જમીન અને પાણી ફાળવવું પડશે, અને જેમ જેમ દેશ વધુ ઇથેનોલની માંગ કરશે તેમ ખેતીના કયા અન્ય ક્ષેત્રોને અસર થઇ શકે છે. લેખકો E27 અને E30 જેવા સંભવિત ભવિષ્યના મિશ્રણો તરફ ઈશારો કરે છે અને આ ખર્ચાઓને ધ્યાનમાં લીધા વિના આગળ વધવા સામે ચેતવણી આપે છે. તેમની દલીલ છે કે કેટલીક નીતિ વિષયક બાબતોને પ્રમાણમાં સરળતાથી બદલી શકાય છે, પરંતુ પાકની પદ્ધતિઓ બદલવી અને ઈંધણ ઉત્પાદન માટે જમીન અને પાણી ફાળવ્યા પછી તેને પાછા મેળવવું ખૂબ મુશ્કેલ બની શકે છે. આ બાબત 'ખોરાક વિરુદ્ધ બળતણ' ના પ્રશ્નને ભારતની ઇથેનોલ નીતિના કેન્દ્રમાં મૂકે છે. અન્ય કેટલાક નિષ્ણાતોએ પણ આવી જ ચિંતા વ્યક્ત કરી છે. નિષ્ણાતોના એક જૂથે સોમવારે ઈથેનોલ-મિશ્રિત બળતણ અંગે ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આ નીતિ જમીનના ઉપયોગ, કૃષિ પદ્ધતિઓ, ખાદ્ય સુરક્ષા, ભૂગર્ભ જળના સ્તર અને ઘરગથ્થુ આવક પર ગંભીર અસર કરી શકે છે. નિષ્ણાતોએ એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે આગામી સમયમાં, બળતણની કાર્યક્ષમતામાં (માઇલેજમાં) થતા ઘટાડા અને વાહનના ભાગોમાં થતા ઘસારાના ખર્ચની ભરપાઈ કરવા માટે સરકારે ઈથેનોલ-મિશ્રિત બળતણના ભાવ ઘટાડવા જોઈએ. આ જૂથમાં દિલ્હી સાયન્સ ફોરમના વૈજ્ઞાનિક અને કાર્યકર્તા ડી. રઘુનંદન પણ શામેલ હતા. એક કાર્યક્રમમાં પોતાના સંબોધન દરમિયાન રઘુનંદને જણાવ્યું હતું કે, ઈથેનોલ-મિશ્રિત બળતણે ભારત ક્ષેત્રના કૃષિ ક્ષેત્રને ખોરાક-આધારિતમાંથી બળતણ-આધારિત બનાવી દીધું છે. ઉદાહરણ તરીકે, ઈથેનોલ બનાવવા માટે મકાઈનો ઉપયોગ કરવાને કારણે, દેશને હવે માંગ પૂરી કરવા માટે મકાઈની આયાત કરવાની ફરજ પડી રહી છે, જ્યારે ભૂતકાળમાં ભારત મકાઈની નિકાસ કરતું હતું. રઘુનંદને કહ્યું, ઈથેનોલ-બ્લેન્ડેડ ફ્યુઅલ નીતિ વિક્ષેપકારક છે. તેના ઉપયોગની પાણીના વપરાશ અને કૃષિ પદ્ધતિઓમાં ફેરફારના સંદર્ભમાં પર્યાવરણીય અસર પડે છે. ઈથેનોલ-મિશ્રિત બળતણના ઉપયોગ અંગે બ્રાઝિલ સાથેની સરખામણી પર બોલતા, અન્ય એક નિષ્ણાતે કહ્યું કે ભારતથી વિપરીત, દક્ષિણ અમેરિકાનો આ દેશ આવા પ્રકારના બળતણ તરફ ધીમી ગતિએ આગળ વધી રહ્યો છે. "બ્રાઝિલ પણ ખૂબ મોટી માત્રામાં ખાંડનું સરપ્લસ ઉત્પાદન કરે છે. તે 4.5 કરોડ ટન ખાંડનું ઉત્પાદન કરે છે અને તેમાંથી 3.6 કરોડ ટનની નિકાસ કરે છે. તે દેશની વસ્તી ઓછી છે અને ઉત્પાદન માટે વિશાળ જમીન છે. એવા અભ્યાસો પણ થયા છે જે કહે છે કે આબોહવા પરિવર્તન ભારતના ઉત્પાદનમાં 25 ટકાનો ઘટાડો કરી શકે છે. એટલા માટે બ્રાઝિલ સાથે સરખામણી કરવી યોગ્ય નથી, એમ તેમણે કહ્યું હતું.

ભારત શેરડી તેમજ મકાઈ, ચોખા અને અન્ય અનાજમાંથી ઇથેનોલ બનાવે છે. જેમ જેમ ઇથેનોલની માંગ વધે છે, તેમ તેમ ખાદ્ય વસ્તુઓ વધુ પ્રમાણમાં તેના માટે વપરાવાનું શરૂ થઇ શકે છે. એક જ પાકનો ઉપયોગ બળતણ બનાવવા માટે થઈ શકે છે અથવા ખોરાક, પશુ આહાર અને અન્ય ઔદ્યોગિક બજારો માટે થઈ શકે છે. મુખ્ય આર્થિક સલાહકારની કોલમ ખાસ કરીને મકાઈ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. મકાઈ એ મરઘાં અને પશુ આહાર માટે પણ એક મુખ્ય ઘટક છે, તેથી તેની કિંમત અને ઉપલબ્ધતામાં ફેરફાર ખોરાકની અર્થવ્યવસ્થા પર વ્યાપક અસરો પાડી શકે છે. જો વધુ મકાઈ ઇથેનોલ તરફ જશે, તો જ્યાં સુધી ખેડૂતો ઉત્પાદન ન વધારે ત્યાં સુધી પશુ આહાર માટે ઓછી મકાઈ ઉપલબ્ધ થઈ શકે છે. તેનાથી પોલ્ટ્રી અને પશુપાલન ઉત્પાદકો માટે ખર્ચ વધી શકે છે. લેખકો માટે, આ પણ એક એવો ખર્ચ છે જેને ઇથેનોલ બ્લેન્ડિંગના ફાયદા સામે મૂલવવાની જરૂર છે. શેરડીના કિસ્સામાં તો અત્યારથી જ તેની અસર દેખાવા માંડી છે. આથી જ ઈંધણમાં ઇથેનોલ ભેળવવાની નીતિનો ખેતીના સંદર્ભમાં પણ હવે ગંભીરતાપૂર્વક વિચારણા કરવાનો સમય આવી ગયો છે.

## સ્વયંને બદલો



એક દિવસ આચાર્ય ચાણક્ય અભ્યાસ કરી રહ્યા હતા ત્યારે એક શિષ્ય તેમની પાસે દોડી આવ્યો અને બોલ્યો, 'ગુરુજી, મારે તમને ફરિયાદ કરવી છે...'

આચાર્ય ચાણક્યએ તેને શાંતિથી બેસવાનો ઈશારો કર્યો અને પોતે ગ્રંથનો અભ્યાસ ચાલુ રાખ્યો. લગભગ એક કલાક સુધી ચાણક્ય ગ્રંથ વાંચતા રહ્યા. શિષ્ય બેસી તો ગયો, પરંતુ વારંવાર ઊંચો-નીચો થતો હતો કે ક્યારે ગુરુજી ગ્રંથ મૂકે અને હું મારી ફરિયાદ કરું. પોતાનો ગ્રંથનો અભ્યાસ પૂરો કર્યા બાદ આચાર્ય ચાણક્યએ શિષ્ય સામે જોયું અને કહ્યું, 'બોલ શિષ્ય, શું ફરિયાદ છે તારી?'

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

શિષ્ય જુસ્સામાં અને ગુસ્સામાં બોલવા લાગ્યો, 'ગુરુજી, મારે મારી આસપાસનું બધું બદલી નાખવું છે. બધા સમય બરબાદ કરે છે, બધા એકબીજાની મજાક કરે છે, બધા બીજાને મદદ કરતા નથી અને કોઈ શાંતિથી રહેતું નથી. મારે આ બધું બદલવું છે. હું ઈચ્છું છું કે મારી આસપાસના બધા લોકો બદલાઈ જાય, જેથી મારું જીવન વધુ સારું બને. મારી આજુબાજુના લોકો બધું બરાબર અને સમયસર કરે, જેથી મને કોઈ તકલીફ ન પડે.' આચાર્ય ચાણક્ય હસ્યા અને બોલ્યા, 'શિષ્ય, તારી આજુબાજુના લોકો બદલાશે તો તને શું ફાયદો થશે?'

શિષ્ય બોલ્યો, 'બધા નિયમ પ્રમાણે બરાબર ચાલશે તો મારું જીવન આપોઆપ બરાબર ચાલશે.' ચાણક્ય બોલ્યા, 'એમ કઈ રીતે શક્ય બને? તારું જીવન બરાબર કરવા માટે તારે પોતે બધું બરાબર કરવું પડશે. બીજાઓ શા માટે તારી સાથે ચાલે?'

આચાર્ય ચાણક્ય તેને એક દર્પણ સામે લઈ ગયા અને અચાનક બાજુમાં પડેલા કુંડામાંથી માટી લઈને શિષ્યના મોઢા પર લગાવી દીધી. શિષ્ય થોડો ડરી ગયો અને થોડો આશ્ચર્યમાં પડી ગયો કે ગુરુજી આ શું મજાક કરે છે કે મને સજા આપે છે. આચાર્ય ચાણક્યએ કહ્યું, 'વત્સ, હવે મને કહે કે તારા ચહેરા પર માટી છે અને તે દર્પણમાં દેખાય છે. તો તું તારો ચહેરો સાફ કરીશ કે દર્પણ?' શિષ્ય બોલ્યો, 'ગુરુજી, મારા ચહેરા પર માટી છે એટલે હું મારો ચહેરો સાફ કરીશ, દર્પણ નહીં.' આચાર્ય ચાણક્યએ કહ્યું, 'બરાબર. આપણું જીવન પણ આ દર્પણ જેવું જ છે. જીવનમાં બીજાને બદલવાની વાતો કરતા પહેલાં સ્વયંની ભૂલો શોધીને તેને બદલવાની જરૂર છે. તું બધાની ફરિયાદ કરવા દોડી આવ્યો, પરંતુ કોઈ તારી ફરિયાદ કરવા આવ્યું નથી.

વત્સ, જ્યારે તું તારા વિચારો, આદતો, વર્તન, વાણી અને વ્યવહારને સુધારીશ, ત્યારે આપોઆપ તને આખી દુનિયામાં બદલાવ દેખાશે. આખી દુનિયાને બદલવાની જરૂર નથી; તારે પોતાને સુધારવાની જરૂર છે. તું બદલાઈશ તો ઘણું બધું આપોઆપ સારું થવા લાગશે.'

આચાર્ય ચાણક્યએ આ રીતે પોતાના શિષ્યને જીવનનો એક અમૂલ્ય પાઠ શીખવ્યો કે દુનિયાને બદલવાની શરૂઆત હંમેશાં પોતાની જાતથી જ કરવી જોઈએ.

# 'સ્કૂલ ઠીક કરો' આંદોલન: નાગરિકી જવાબદારીની શરૂઆત?

કહેવાની વાત

નેહા શાહ

**સૌને ખબર છે કે એનો જવાબ 'ના' છે એટલે જ મધ્યમ વર્ગના વાલીઓ પોતાના બાળકને 'સારી' શાળામાં ભણાવવા પાછળ લાખો રૂપિયા ખર્ચતા હોય છે, સ્પર્ધામાં અસમાનતાનાં મૂળ ત્યાંથી જ શરૂ થઈ જાય છે**

દેશના વિકાસમાં ગર્વ લેનાર દરેક વ્યક્તિને શિક્ષણ વ્યવસ્થા પ્રત્યે નિસબત હોવી જોઈએ. શિક્ષણનો દેશની આર્થિક અને સામાજિક પ્રગતિ સાથે સીધો સંબંધ છે. એટલે જ ભારતીય બંધારણની કલમ 21A મુજબ છથી ચૌદ વર્ષની વયના બાળકો માટે મફત અને ફરજિયાત શિક્ષણ મૂળભૂત અધિકાર છે. આઝાદી પછી શિક્ષણને મહત્વ અપાયું. 1951ની વસ્તી ગણતરી પ્રમાણે દેશનો સાક્ષરતા દર 18.33 ટકા હતો, જે હાલમાં 80.9 ટકા થયો છે. પ્રાથમિક શાળામાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓનું પ્રમાણ 40 ટકાથી વધીને લગભગ 93 ટકા સુધી પહોંચ્યું છે. 2001થી સર્વ શિક્ષા અભિયાન પણ શરૂ થયું. પરંતુ પ્રશ્ન એ છે કે શું શાળામાં પ્રવેશ મેળવવાથી શિક્ષણનું પ્રમાણ અને સ્તર આપોઆપ ઊંચાં આવ્યાં? શું દરેક શાળામાં મળતા શિક્ષણની ગુણવત્તા એકસરખી છે? શું સરકારી શાળામાં ભણતો વિદ્યાર્થી ખાનગી શાળામાં ભણતા વિદ્યાર્થી સાથે સ્પર્ધા કરવા સક્ષમ છે?

સૌને ખબર છે કે એનો જવાબ 'ના' છે એટલે જ મધ્યમ વર્ગના વાલીઓ પોતાના બાળકને 'સારી' શાળામાં ભણાવવા પાછળ લાખો રૂપિયા ખર્ચતા હોય છે, સ્પર્ધામાં અસમાનતાનાં મૂળ ત્યાંથી જ શરૂ થઈ જાય છે.

છેવાડાના નાગરિક સુધી પહોંચવા શાળાઓ તો શરૂ થઈ, પરંતુ ચોપડા પર આકર્ષક લાગતા આંકડાઓ પાછળની વાસ્તવિકતા અસ્વસ્થ કરનારી છે. હાલમાં ઘણી સરકારી શાળાઓ એવી છે જ્યાં પીવાનું પાણી નથી, શૌચાલય ગંદકીથી ખદબદતાં હોય છે, પંખા કે વીજળીની સુવિધા નથી અથવા પૂરતા શિક્ષકો નથી. મૂળભૂત સુવિધાઓના અભાવ વચ્ચે બાળકને છ કલાક બેસીને ભણવાની ફરજ કેવી રીતે પાડી શકાય? બાળકને ભણવાનું ગમે તે માટે સુગમ અને અનુકૂળ વાતાવરણ તો હોવું જોઈએ ને?

સરકારના જ આંકડા દર્શાવે છે કે 2024માં દેશમાં માત્ર 77.7 ટકા શાળાઓમાં પીવાનું પાણી ઉપલબ્ધ હતું, જ્યારે માત્ર 72 ટકા શાળાઓમાં છોકરીઓ માટે ઉપયોગ કરી શકાય તેવી શૌચાલયની સુવિધા હતી. સમસ્યા માત્ર ભૌતિક માળખાની નથી; શિક્ષકોની અછત પણ મોટો પ્રશ્ન છે. આ ઉપરાંત સરકારી શાળાઓની સંખ્યા અને તેમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓની સંખ્યા પણ ઘટી રહી છે, જે ચિંતાજનક છે. રાજસ્થાનમાં 2023-24થી 2025-26 વચ્ચે સરકારી શાળાઓમાં 9.3 લાખથી વધુ વિદ્યાર્થીઓ ઘટ્યા, જ્યારે ખાનગી શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા મોટાભાગે જળવાઈ રહી. ઉત્તર પ્રદેશમાં પણ ઓછા વિદ્યાર્થીઓ ધરાવતી લગભગ 10,000 શાળાઓનું વિલીનીકરણ કરવામાં આવ્યું. સરકારનો તર્ક હતો કે આ શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી હોવાથી તેને ચલાવવાનો ખર્ચ વધારે આવે છે. જો આવી શાળાઓને બંધ કરીને કે તેનું વિલીનીકરણ કરીને સંસાધનો અને શિક્ષકોનો વધુ કાર્યક્ષમ ઉપયોગ કરી શકાય, તો આર્થિક દ્રષ્ટિએ આ તર્ક સમજાય એવો છે.

પરંતુ શિક્ષણનું મૂલ્યાંકન માત્ર એક વિદ્યાર્થી પાછળ થતા ખર્ચની ગણતરીથી કરી શકાય નહીં. ગામની શાળા બંધ થાય ત્યારે ખર્ચ ઘટતો નથી, પરંતુ તેનો બોજ બાળક અને તેના પરિવારના માથે જાય છે. શાળાએ પહોંચવા માટેનું લાંબું અંતર એટલે વધુ સમય, મુસાફરીનો ખર્ચ અને અસુવિધા. છોકરીઓ માટે તેમાં સુરક્ષાની ચિંતા પણ ઉમેરાઈ શકે છે. આ બધા બિનનાણાકીય ખર્ચ છે, પરંતુ બાળક શાળાએ જશે કે નહીં તે નક્કી કરવામાં તેમની ભૂમિકા અત્યંત મહત્વની હોઈ શકે છે. કાગળ પર શાળા ઉપલબ્ધ હોવા છતાં જો ત્યાં પહોંચવું મુશ્કેલ હોય, તો એ ઉપલબ્ધતા કેટલી અર્થપૂર્ણ છે?

કૉક્રોચ જનતા પાર્ટીએ નીટ પરીક્ષાની ગેરરીતિ વિરુદ્ધ આંદોલન છેડ્યા બાદ હવે 'સ્કૂલ ઠીક કરો' અભિયાન શરૂ કર્યું છે અને શિક્ષણના મૂળભૂત આધાર એવી સરકારી શાળાઓ તરફ ધ્યાન વાળ્યું છે. સી.જે.પી.ના સ્વયંસેવકો સરકારી શાળાઓની મુલાકાત લઈ તેમની સ્થિતિનું દસ્તાવેજીકરણ કરી રહ્યા છે અને તેના પુરાવા જાહેર કરી રહ્યા છે. વિચાર સરળ છે–જે બાબત કેમેરામાં કેદ થાય અને જાહેર ચર્ચામાં આવે, તેને સરકાર માટે અવગણવી વધુ મુશ્કેલ બને છે. સરકાર દેખીતી રીતે આ અભિયાનથી ખુશ નથી. રાજસ્થાનમાં શિક્ષણ વિભાગે બહારના લોકોને શાળાના મુખ્ય શિક્ષક અથવા આચાર્યની પૂર્વ પરવાનગી વિના શાળાના પરિસરમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂકતો નિર્દેશ જારી કર્યો. ઉત્તર પ્રદેશમાં પણ આગ્રામાં આવો જ પ્રતિબંધ જોવા મળ્યો છે, જ્યાં જિલ્લા મૂળભૂત શિક્ષણ અધિકારીએ યુટ્યુબર્સ અને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સ સહિત બહારના લોકોને પૂર્વ પરવાનગી વિના સરકારી શાળાઓમાં પ્રવેશવા કે ફોટોગ્રાફી-વિડિયોગ્રાફી કરવા પર રોક લગાવી છે. જો સરકારને શિક્ષણની ગુણવત્તા અંગે ચિંતા હોય અને સ્વતંત્ર નાગરિકો જાહેર શાળાઓની સ્થિતિનું દસ્તાવેજીકરણ કરવા તૈયાર હોય, તો સરકારને કેમેરાથી ડર શા માટે લાગવો જોઈએ? સરકારી શાળા કોઈ ખાનગી સંસ્થા નથી. તે જાહેર નાણાંથી ચાલતી જાહેર સંસ્થા છે.

સી.જે.પી.નું નાગરિકો દ્વારા કરવામાં આવતું શાળાઓનું ઓડિટ લાંબા ગાળે એક સશક્ત આંદોલન બને કે નહીં, તે તો સમય જ કહેશે. આપણે આશા રાખીએ કે દેશની શિક્ષણ વ્યવસ્થાની બદીઓ સુધારવાના ઈરાદે મેદાને આવેલા આપણા યુવાનોનું 'સ્કૂલ ઠીક કરો' અભિયાન માત્ર સોશિયલ મીડિયા પરની પોસ્ટ બનીને ન રહી જાય, પરંતુ તે સરકારી કામના આદેશમાં પરિવર્તિત થાય–અને દરેક કામનો આદેશ અંતે એક વધુ સારી શાળામાં પરિવર્તિત થાય.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### સવાલ પૂછનારને જવાબ જોઈએ!

લોકશાહીમાં સરકારને સવાલ પૂછવો કોઈ વ્યક્તિની દેશભક્તિ પર શંકા કરવાનો આધાર બની શકે નહીં. સરકાર કોઈપણ પક્ષની હોય, નાગરિકોને સરકારની નીતિઓ, નિર્ણયો, ખર્ચ, રોજગાર, મોંઘવારી, સુરક્ષા અને વહીવટી વ્યવસ્થા અંગે સવાલ પૂછવાનો સંપૂર્ણ અધિકાર છે.

કોઈ નાગરિક, પત્રકાર, સામાજિક કાર્યકર કે વિરોધનો અવાજ ઉઠાવનાર વ્યક્તિને માત્ર સવાલ પૂછવા બદલ "દિમાગી નક્સલ" જેવા શબ્દોથી સંબોધિત કરવું લોકશાહી સંવાદ માટે ગંભીર ચિંતાનો વિષય છે. અસહમતિનો જવાબ તથ્યો, તર્ક અને સંવાદથી આપવો જોઈએ, વ્યક્તિને કોઈ લેબલ લગાવીને ચૂપ કરાવવાનો પ્રયાસ કરીને નહીં.સરકાર અને દેશ અલગ છે. સરકાર પાસેથી જવાબદારી અને પારદર્શિતા માંગવી લોકશાહીને નબળી બનાવતી નથી, પરંતુ તેને વધુ મજબૂત બનાવે છે.સાથે સાથે નાગરિકોની પણ જવાબદારી છે કે સવાલો તથ્યો અને જવાબદારીપૂર્વક ઉઠાવવામાં આવે અને કોઈ વ્યક્તિ કે સંસ્થા સામે પુરાવા વિના ગંભીર આક્ષેપો ન કરવામાં આવે. અભિવ્યક્તિની સ્વતંત્રતા સાથે જવાબદારી પણ જોડાયેલી છે.આજે જરૂર છે એવી રાજકીય અને સામાજિક સંસ્કૃતિની, જેમાં સવાલનો જવાબ સવાલ પૂછનારની નીતિ કે દેશભક્તિ પર હુમલો કરીને નહીં, પરંતુ તથ્ય અને તર્ક સાથે આપવામાં આવે. લોકશાહીમાં અસહમતિ કોઈ ગુનો નથી; તે સ્વસ્થ લોકશાહી વ્યવસ્થાનો આવશ્યક ભાગ છે.સરકારને સવાલ પૂછવો દેશવિરોધી હોવું નથી; સવાલોનું સન્માન કરવું એ જ મજબૂત લોકશાહીની સાચી ઓળખ છે.

સુરત -આશિષ ટેલર

### હીરો એક વરદાન

ધરતીને પણ માતા ગણવામાં આવે છે. ધરતી માતા પણ અનાજ, ફળ-ફૂલ આદિ, વનસ્પતિનું પ્રદાન કરે છે. જળ અને ખનીજ ધરે છે. મહાનગર સુરતને તો "હીરાનગરી" તરીકેની ઓળખ મળી છે અને જે હીરાઉદ્યોગે શહેર વિકાસ અને રોજગારમાં મહત્વપૂર્ણ ભાગ ભજવ્યો છે તે હીરાઓની ઉત્પત્તિનો ઈતિહાસ અને હકીકત પણ એટલી જ રસપ્રદ છે. હીરાનો ઉદ્ભવ કરોડો વર્ષ પૂર્વે થયો છે, અને હીરાની ખાણો બની છે. ભૂસ્તર શાસ્ત્રીઓના મતે સૂર્ય કરતાં પણ વધુ પ્રાચીન હીરાનો ઉદ્ભવ થયો છે. હીરા પૃથ્વીની સપાટી પર નહીં, પણ દોઢસો થી બસો કિલોમીટર ઊંડે પૃથ્વીના મેન્ટલમાં તે બને છે. હીરાનું મૂલ્ય અત્યંત ઊંચું છે. ધરતીમાતાના ગર્ભમાં પોષાયેલા હીરા - રત્ન માતૃગર્ભના વરદાનરૂપ ઉપહાર સમાન છે.

સુરત - યુસુફ ગુજરાતી

### વડાપ્રધાન યુવાનો પર આફરીન

ભારતના 80મા સ્વાતંત્ર્ય દિવસે લાલ કિલ્લા પરથી 75 મિનિટના સંબોધનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 50થી વધુ વખત યુવાનોનો ઉલ્લેખ કરીને યુવા શક્તિનું મહત્ત્વ રેખાંકિત કર્યું. એક કરોડ યુવાનોને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની તાલીમ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે મફત ઓનલાઈન કોચિંગ અને 5થી 15 વર્ષની વયનાં બાળકોમાં પ્રતિભા શોધવા રાષ્ટ્રવ્યાપી ટેલેન્ટ સર્ચની જાહેરાત કરી હતી.

વિકસિત ભારતના નિર્માણમાં યુવાનોને નેતૃત્વ લેવા હાકલ સાથે ઉત્પાદન, સ્પેસ, ન્યુક્લિયર અને સેમિકન્ડક્ટર જેવા ક્ષેત્રોમાં નવી તકો ઊભી કરવાની વાત પણ કરવામાં આવી છે. આ જાહેરાતો સમયસરની છે. ખાસ કરીને જેન-ઝીના વધતા રોષ અને બદલાતા સામાજિક અભિગમને સમજવાની જરૂર છે.

ભારતની આશરે 65 ટકા વસ્તી 35 વર્ષથી ઓછી ઉંમરની છે. તેથી યુવાનોની અવગણના દેશ માટે નુકસાનકારક બની શકે છે. આજની પેઢી રાજકારણ, નોકરી અને લગ્ન જેવા નિર્ણયો અંગે તર્ક અને લોજિકથી પ્રશ્નો કરે છે. સોશિયલ મીડિયા પણ તેમના વિચારોને ઝડપથી વ્યક્ત કરવાની શક્તિ આપે છે. યુવાનોને યોગ્ય દિશા અને તકો મળે તો જ વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર થશે. હવે સરકાર માટે જેન-ઝી સાથે જેન-આલ્ફાને પણ સમજવું અને હકારાત્મક અભિગમ અપનાવવો અનિવાર્ય છે.

નવસારી -ડૉ. જે. એમ. નાયક

### સ્વીકૃતિ ઉન્નતિની નિશાની!

"જે ક્ષણે માણસ પોતાની ભૂલ સ્વીકારે છે, તે ક્ષણથી સુધારાની શરૂઆત થાય છે."

માનવજીવન સતત પરિવર્તનશીલ વહેતી નદી જેવું છે. જીવનમાં ક્યારેક સફળતા મળે છે તો ક્યારેક નિષ્ફળતા, ક્યારેક પ્રશંસા મળે છે તો ક્યારેક ટીકા. આવી દરેક પરિસ્થિતિમાં માણસની સાચી કસોટી થાય છે. પોતાની સફળતા સ્વીકારવી સહેલી છે, પરંતુ પોતાની ભૂલ, નિષ્ફળતા અને મર્યાદાને સ્વીકારી તેમાંથી શીખવું મુશ્કેલ છે.

સ્વીકૃતિ એટલે હાર માનવી નહીં, પરંતુ હકીકતને ઓળખીને સુધારાની દિશામાં આગળ વધવું. જે વ્યક્તિ પોતાની ભૂલ સ્વીકારે છે તે જ તેને સુધારી શકે છે. એટલે કે સ્વીકૃતિ પરિવર્તન તરફનું પ્રથમ પગથિયું છે.

વિદ્યાર્થી પરીક્ષામાં ઓછા ગુણ મેળવે ત્યારે બીજાને દોષ આપવાને બદલે પોતાની તૈયારીની ખામી સ્વીકારે અને વધુ મહેનત કરે, તો એ જ તેની પ્રગતિની શરૂઆત બને છે. જીવનમાં પોતાની મર્યાદા સ્વીકારનાર તેને પાર કરી શકે છે અને બીજાના વિચારો સ્વીકારનાર સંબંધો મજબૂત બનાવી શકે છે.

પ્રકૃતિ પણ આપણને આ પાઠ શીખવે છે. વૃક્ષ પાનખરમાં જૂનાં પાન છોડે છે અને વસંતમાં નવાં પાનનું સ્વાગત કરે છે. તેથી સ્વીકૃતિ પરાજય નહીં, પરંતુ પરિવર્તન, પરિપક્વતા અને ઉન્નતિની શરૂઆત છે.

સુરત - મુકેશ બી મહેતા

### સૌરાષ્ટ્રની સન્નારીઓ રાહ ચીંધે છે

થોડા સમય પહેલાં સમગ્ર ગુજરાતમાં મહિલા દિનની ઉજવણી થઈ. નારીશક્તિ અને સ્ત્રી સશક્તિકરણની વાતો થઈ, અનેક મહિલાઓનું સન્માન પણ થયું. પરંતુ સુરતના વરાછા વિસ્તારની ત્રણ સામાન્ય કોલેજિયન યુવતીઓએ જે હિંમત બતાવી, તે ખરેખર સન્માનને પાત્ર છે.

કોલેજ જવાના સમયે એક ટપોરી યુવક એકલદોકલ યુવતીઓની જાહેરમાં છેડતી કરતો. યુવતીઓ શરૂઆતમાં ચૂપચાપ પસાર થઈ જતી, જેના કારણે તેની હિંમત વધતી ગઈ. એક દિવસ તો તેણે એક યુવતીના ખભા પર હાથ પણ મૂકી દીધો.

પરિવારને વાત કરવી કે પોલીસ ફરિયાદ કરવી, એ મૂંઝવણ વચ્ચે ત્રણેય યુવતીઓએ પોતે જ રસ્તો કાઢ્યો. બે યુવતીઓ શેરીના નાકે લાકડીઓ સાથે સંતાઈ ઊભી રહી અને ત્રીજી યુવતી આગળ નીકળી. પેલો યુવક તેની નજીક પહોંચ્યો અને હાથ પકડવા ગયો ત્યાં જ બંને યુવતીઓ ધસી આવી અને તેની બરાબરની ધોલાઈ કરી. ત્યારબાદ દોડી આવેલા લોકોએ પણ મામલો સંભાળી લીધો.

પ્રસંગ નાનો હતો, પરંતુ સંદેશ મોટો છે. અભ્યાસ, નોકરી કે અન્ય કારણોસર ઘર બહાર નીકળતી મહિલાઓ માટે આ ત્રણ યુવતીઓની હિંમત દીવાદાંડી સમાન છે. અન્યાય સામે અવાજ ઉઠાવવો જરૂરી છે, કારણ કે મૌન ઘણીવાર ગુનેગારની હિંમત વધારે છે.

સુરત - પ્રભાકર ધોળકિયા

# શોષણ, સહન અને વિદ્રોહ કરનારી પ્રજાનું અસલી મિજાજનું ત્રિપરિમાણીય ચિત્ર

રાજ કાજ ગુજરાત

કાર્તિકેય ભટ્ટ

**કોઈ પણ દેશ, કાળ કે સભ્યતાને સમજવા માટેનો અસલી માપદંડ પેઢીઓનો તફાવત નથી, પરંતુ સત્તા, વ્યવસ્થા અને અન્યાય સામેની તેમની પ્રતિક્રિયા છે**

આજે સમાજશાસ્ત્રીઓ અને બજારના નિષ્ણાતો માણસોને સમજવા માટે 'જેન-ઝી' (Gen Z), 'મિલેનિયલ્સ' કે 'આલ્ફા જનરેશન' જેવા આધુનિક લેબલો લગાવી રહ્યા છે. પરંતુ શું ઉંમરના આ આંકડાઓ ક્યારેય પ્રજાના સાચા માનસિક અને સામાજિક મિજાજને પ્રતિબિંબિત કરી શકે? બિલકુલ નહીં. કોઈ પણ દેશ, કાળ કે સભ્યતાને સમજવા માટેનો અસલી માપદંડ પેઢીઓનો તફાવત નથી, પરંતુ સત્તા, વ્યવસ્થા અને અન્યાય સામેની તેમની પ્રતિક્રિયા છે. જો આ દ્રષ્ટિએ જોવામાં આવે તો આખા દેશની વસ્તીને માત્ર ત્રણ જ ભાગમાં વહેંચી શકાય : શોષણ કરનારા, સહન કરનારા અને વિદ્રોહ કરનારા.

ઈતિહાસ આ વાતનો જીવંત સાક્ષી છે કે સમય ભલે બદલાયો હોય, પરંતુ માણસનો મૂળભૂત સ્વભાવ અને સામાજિક માળખું બદલાયું નથી. દરેક યુગમાં આ ત્રણ વર્ગો પોતાની ભૂમિકા ભજવતા આવ્યા છે.

1. શોષણ કરનારા : સત્તા અને સ્થાપિત હિતોનો વર્ગ

આ એ નાનો, પરંતુ અત્યંત શક્તિશાળી વર્ગ છે, જે હંમેશાં સંસાધનો, સત્તા અને વ્યવસ્થા પર કબજો જમાવીને બેઠો હોય છે. રાજાશાહીના જમાનામાં જેઓ જમીનદારો કે સામંતો હતા, લોકશાહીના મહોરા હેઠળ તેઓ આજે ભ્રષ્ટ રાજકારણીઓ, ક્રૂર ઉદ્યોગપતિઓ કે સ્થાપિત હિતો ધરાવતા માફિયાઓ બની ગયા છે. આ વર્ગનો એક જ મકસદ હોય છે - પોતાના સ્વાર્થ અને વૈભવ માટે બહુમતી પ્રજાના શ્રમ, પરસેવા અને અધિકારોનું શોષણ કરવું. તેઓ કાયદા અને વ્યવસ્થાને પોતાના હિત મુજબ મરોડવામાં માહેર હોય છે.

2. સહન કરનારા : મૂંગા મોઢે સ્વીકારી લેનારો મોટો વર્ગ

કોઈ પણ દેશની વસ્તીનો સૌથી મોટો હિસ્સો આ વર્ગમાં આવે છે. આ એવા લોકો છે, જેઓ અન્યાય જુએ છે, પોતે પીડાય છે, છતાં 'નસીબ' કે 'સમય'નો વાંક કાઢીને મૂંગા મોઢે બધું સહન કરી લે છે. તેઓ કાં તો ડરના માર્યા ચૂપ રહે છે અથવા તો વ્યવસ્થા સામે લડવાની આળસમાં સત્તાધીશોના અત્યાચારને પરોક્ષ સમર્થન આપી દે છે. આ વર્ગની આ જ લાચારી કે ઉદાસીનતા શોષણ કરનારાઓનું સૌથી મોટું હથિયાર બને છે.

3. વિદ્રોહ કરનારા : પરિવર્તનના અસલી શિલ્પીઓ

પરંતુ દરેક સમાજમાં અને દરેક સમયે એક ત્રીજો વર્ગ પણ અસ્તિત્વ ધરાવે છે - એ છે વિદ્રોહ કરનારાઓનો વર્ગ. આ લોકો સંખ્યામાં ભલે ઓછા હોય, પરંતુ તેમનો અવાજ સૌથી બુલંદ હોય છે. તેઓ પ્રચલિત કુરિવાજો, અન્યાયી કાયદાઓ, સત્તાના દુરુપયોગ અને સ્થાપિત હિતોની સામે છાતી ઠોકીને ઊભા રહે છે. વિદ્રોહનો અર્થ માત્ર હિંસા કે તોડફોડ નથી, પરંતુ વૈચારિક ક્રાંતિ, સત્ય માટેનો આગ્રહ અને અન્યાય સામે 'ના' કહેવાની હિંમત છે. ઈતિહાસ ઉથલાવીને જોઈ લો, સમાજમાં જ્યારે પણ કોઈ મોટું પરિવર્તન આવ્યું છે, ત્યારે તે માત્ર ને માત્ર આ ત્રીજા વર્ગના કારણે જ આવ્યું છે. જો ભારતમાં અંગ્રેજો સામે વિદ્રોહ કરનારો વર્ગ ન હોત, તો સહન કરનારો વર્ગ આજે પણ ગુલામીમાં જીવતો હોત. જો સામાજિક કુરિવાજો સામે જ્યોતિબા ફૂલે, આંબેડકર કે ગાંધી જેવા વિદ્રોહી વિચારો ધરાવતા મહાપુરુષો ન થયા હોત, તો આજે પણ સમાજ અંધશ્રદ્ધાના ખીલે બંધાયેલો હોત.

આજે જ્યારે આપણે દેશના ભવિષ્યની વાત કરીએ છીએ, ત્યારે આપણે યુવાનોને 'જેન-ઝી' કે 'આલ્ફા' કહીને સીમિત ન કરવા જોઈએ. સાચો સવાલ એ છે કે આજની નવી પેઢી કયા વર્ગ તરફ જઈ રહી છે? શું તેઓ પણ અન્યાય સામે આંખ આડા કાન કરીને 'સહન કરનારા' બનશે કે પછી ઈતિહાસના એ ગૌરવશાળી 'વિદ્રોહ કરનારા' વર્ગનો હિસ્સો બનીને દેશમાં નવું પરિવર્તન લાવશે?

યાદ રાખવું રહ્યું કે, શોષણ કરનારાઓ સત્તા ભોગવીને નાશ પામે છે, સહન કરનારા ઈતિહાસનાં પાનાંઓમાં ખોવાઈ જાય છે, પરંતુ જેઓ વિદ્રોહ કરે છે, તેઓ જ નવો ઈતિહાસ રચે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે